# રત્નમાળા પદ્ય

પુસ્તિકા ક્રમાંક : ૩૪, પુષ્પ ક્રમાંક : ૪૭ પ્રત : ૧૦૦૦

મૂળ લેખક : શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ (સંસ્કૃત પદ્ય)

અનુવાદ : અમૃતલાલ ઝાટકીયા (ગુજરાતી ગદ્ય) ૧૯૮૮

પદ્યાનુવાદ : ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્યપ્રિય)

રચના સમય : તા. ૩-૩-૧૧ થી ૪-૩-૧૧ (એક દિવસ)

સંસ્કૃત શ્લોકની સંખ્યા : ૨૯ + ૧૦ = ૩૯

ગુજરાતી શ્લોકની સંખ્યા : ૬૧ + ૨૧ = ૮૨ (હરિગીતિકા છંદ)

રચના સ્થળ : ચંપામૃત, સોનગઢ **મૂલ્ય : સ્વાધ્યાય**

પ્રકાશન સમય : તા. ૨૮-૩-૧૧, સોમવાર, ફાગણ વદ-૧૦

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૯મી સમ્યક્ત્વજયંતી

બીજી રચના : અપરા પ્રશ્નોત્તર રત્નમાલિકા (અજ્ઞાત લેખક)

વિશેષાંક સંખ્યા (ક્રમ ૧૦) : નવયુગ—નવસર્જન (અમરેલી)

## પ્રશ્નોત્તર વિભાવનાઓ :

ઉપાદેય, હેય, ગુરુ, વિદ્વાન, બીજ, પરલોક, પવિત્ર, પંડિત, વિષ, સારભૂત, મદિરા, રત્નત્રય, ભવવેલડી, શત્રુ, ભય, અંધ, શૂરવીરતા, અમૃત, ગુરુતા, મુશ્કેલીથી જણાય, ચતુરાઈ, દારિદ્રતા, લઘુતા, જીવન, જાગ્રત, નિદ્રા, ચંચળ, શીતળતા, નરક, સુખ, સત્ય, વ્હાલું, દાન, મિત્ર, અનર્થ, સુખપ્રદ, ચતુર, અંધ, બધિર, અલંકાર, મુંગો, મરણ, અનર્ઘ્ય, શલ્ય, પુરુષાર્થ, અવધીરણા, ચિંતન, વિશેષ પ્રિય, આધિન, પૂજ્ય, નિર્ધન, જીતેલ, અતિવંદનીય, ડર, વશ, સ્થિત, ચંચળ, અચલ, શોક, પ્રશંસનીય, બળવાન, દુર્લભ, ભદ્ર, (ગુરુ આરાધના, દેવ, શાસ્ત્ર, મોક્ષમાર્ગ, સુખ, હિંસા, છેતરવું, અનર્થ, મહિમા, ચિંતવન, વચન, સુંદર, આવશ્યક વગેરે.)

## : પદ્યાનુબંધ અને પ્રકાશક :

**ધીરજલાલ પી. દેસાઈ, સુધા ધીરજલાલ દેસાઈ**

૫૯, કહાન નગર સોસાયટી, સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)
ફોન નં. (૦૨૮૪૬) ૨૪૪૬૫૪ મો. : ૯૪૨૬૩૪૪૫૫૯

# રત્નમાલા પદ્ય

(હરિગીતિકા—૨૮ માત્રા)

૧/૧ જે દેવ-માનવ વંદ્ય તે વર્દ્ધમાનને નમન કરું;
પ્રશ્ન-ઉત્તરરૂપ રત્ન માલિકાની હું રચના કરું. ૧

૨/૧ પ્રત્યક્ષ વળી પરોક્ષને જાણવામાં પ્રવીણ જે—
કંઠસ્થ **નિર્મળ** **માલિકાથી** **વિભૂષિત** નિજને કરે. ૨

૩/૧ ભગવન અહો! સંસારમાં શું ખરે **ઉપાદેય** છે?
ગુરુદેવનું જે વચન તે જ ખરેખર ઉપાદેય છે. ૩

૩/૨ સંસારમાં ભગવન કહો શું **હેયને** સ્વરૂપ છે?
અકાર્ય તે સંસારમાં હેય ગણવાને યોગ્ય છે. ૪

૩/૩ **ગુરુ** કોણ છે? તત્ત્વોતણું સ્વરૂપ જે જાણેલ છે;
તત્ત્વતણાં જ્ઞાતા અને પ્રાણીહિતે તત્પર રહે. ૫

૩-૪ જ્ઞાની ચારિત્રવંત રહે, બાહ્યાંતરે નિર્ગ્રંથ છે;
તેને જ હે શિષ્ય ખરે! સાચા ગુરુ તું જાણજે. ૬

૪/૧ **વિદ્વાન** પુરુષે શીઘ્ર કહો શું કરવું યોગ્ય છે?
સંસાર પરંપરા શીઘ્ર નાશ કરવા યોગ્ય છે. ૭

૪/૨ મોક્ષરૂપ જે વૃક્ષ તેનું મૂળ કારણ શું છે કહો?
સમ્યગ્ચારિત્ર યુક્ત છે જે જ્ઞાન તે **બીજ** જાણજો. ૮

૫/૧ **પરલોકગમને** માર્ગમાં જીવને કહો શું ભાતું છે?
પરલોકગમન જનારને ધરમ એક જ ભાતું છે ખરે. ૯

૫/૨ સંસારમાં **પવિત્ર** વા શુદ્ધ કહો પ્રભુ! કોણ છે?
મન જેહનું છે શુદ્ધ તે સંસારમાં પવિત્ર રહે. ૧૦

૫/૩ સંસારમાં ભગવન્ કહો! છે કોણ જે **પંડિત** ખરે?
આત્માતણા હિતાહિતે છે વિવેક તે પંડિત ખરે. ૧૧

૫-૪ સંસારમાં ભગવન્ અહો! શું **વિષને** સ્વરૂપ છે?
ગુરુઓતણી અવધીરણા તે તો હલાહલ ઝેર છે. ૧૨

૫-૫ સંસારમાં જે **સારભૂત** તે તો કહો શી ચીજ છે?
વિચારતા નિશ્ચય એ, માનવ જનમ સારભૂત છે. ૧૩

૬/૧ સંપૂર્ણ તત્ત્વ દેખાય ને સ્વ-પર હિત તત્પરતા રહે;
એવો જનમ જો હોય તો માનવ જનમ એક જ છે. ૧૪

૭/૧ આ જીવને **મદિરા** સમો છે મોહ કોણ જનમાવતું?
જે સ્નેહ છે તે મોહને આ જીવમાં ઉપજાવતું. ૧૫

૭/૨ આ જીવના **રત્નત્રયી ગુણ** લૂંટનારું કોણ છે?
પાંચ ઇન્દ્રિય વિષય તે રત્નત્રયોને હરનાર છે. ૧૬

૭/3 **ભવનો** વધારો જે કરે તે વેલડી છે કઈ કહો?
ભોગ તૃપ્તિની આશારૂપી તૃષ્ણા જ વેલડી જાણજો. ૧૭

૭-૪ આ જીવનો **શત્રુ** કહો છે કોણ આ સંસારમાં?
ઉદ્યમહિનતા આ જીવનને ગુમાવનાર દુશ્મન સદા. ૧૮

૮/૧ સંસારમાં ભગવન કહો! છે **ભય** સદા શાનો રહે?
સંસારમાં સૌને સદા ભય મરણનો રહ્યા કરે. ૧૯

૮/૨ જે આંધળાથી પણ વધુ છે **અંધ** તે કોણ કહો?
જે રાગી તેને આંધળાથી પણ વધુ અંધ ગણો. ૨૦

૮/3 સંસારમાં **શૂરવીરતા** કોની ખરે વખણાય છે?
સ્ત્રી લોચને વિંધાય ના તે તો ખરેખર શૂરવીર છે. ૨૧

૯/૧ કર્ણરૂપી અંજલિથી **અમૃત** પીવાનું શું કહો?
ઉપદેશ જે સત હોય તે અમૃત સમાન જાણજો. ૨૨

૯/૨ **ગુરુતાતણું** જે મૂળ તે કારણ ક્યું છે જાણવું?
યાચકપણું ના રાખવું, ગુરુતાતણું મૂળ જાણવું. ૨૩

૧૦/૧ સંસારમાં **મુશ્કેલીથી જણાય** તે કઈ ચીજ છે?
સ્ત્રી ચરિતને છે જાણવું તે ગહન અતિ કઠિન છે. ૨૪

૧૦/૨ સંસારમાં **ચતુરાઈથી** ભરેલ કોણ ગણાય છે?
સ્ત્રી ચરિતથી ખંડિત નથી રે! તે જ ચતુર ગણાય છે. ૨૫

૧૦/3 સંસારમાં **દારિદ્રતા** કોની ખરે પંકાય છે?
સંતોષ ના જ્યાં હોય ત્યાં દારિદ્રતા પંકાય છે. ૨૬

૧૦/૪ **હલકાપણું**—લઘુતા કહો કોને ગણી આ લોકમાં?
આત્માતણું ગૌરવ હણે, જ્યાં હોય છે કંઈ યાચના. ૨૭

૧૧/૧ શું **જીવન** છે? નિષ્પાપ તે સાચું જીવન ગણાય છે;
**જડતા** કહો? ચતુર પણ ના વિદ્યાતણો અભ્યાસ છે. ૨૮

૧૧/૨ **જાગ્રત** **કો**? વિવેકી બુદ્ધિમાન તે જાગ્રત ખરે!
**નિદ્રા** કહો? જીવમૂઢતા તે ગાઢ નિદ્રા ગણાય છે. ૨૯

૧૨/૧ કમલપત્ર જલબિંદુ સમું, **ચંચળ** કહો શું હોય છે?
યૌવન-ધન વળી આયુને જલતરંગસમ ચંચળ કહે. ૩૦

૧૨/૨ ચંદ્ર કિરણસમ **શીતળતાને** આપનારું કોણ છે?
**સભાન** પુરુષ જે હોય તે શીતળતા દેનાર છે. ૩૧

૧૩/૧ શું **નરક** છે? પરવશપણું જ્યાં હોય ત્યાં જ નરક ખરે!
છે **સુખ** ક્યાં? જ્યાં સર્વ સંગથી વિરક્તિ મુનિને હોય છે. ૩૨

૧૩/૨ **સત્ય** કહો? **ભૂતહિતને** ઇચ્છે સદા તે સત્ય છે;
**વ્હાલું** વધુ? નિજપ્રાણ તે જીવમાત્રને બહુ પ્રિય છે. ૩૩

૧૪/૧ શું **દાન** છે? સ્વાર્થ ન, આકાંક્ષા નથી તે દાન છે;
**મિત્ર** ખરો? જે પાપથી નિવર્તાવી સન્માર્ગે કરે. ૩૪

૧૪/૨ **અલંકાર** શો? શીલ જ ખરે માનવતણું આભૂષણ છે;
**વાણી** **ભૂષણ?** સત્યવચન વાણીતણું ભૂષણ ખરે. ૩૫

૧૫/૧ **અનર્થનું** **ફળ?** મનની અસંગતતાને જ ફળ તેનું કહ્યું;
**સુખપ્રદ** શું? પ્રાણીપ્રતિની મિત્રતાને છે સુખ કહ્યું. ૩૬

૧૫/૨ દુ:ખ સર્વને નષ્ટ કરે એવો **ચતુર** કોને કહ્યો?
જે સર્વથા ત્યાગી બન્યો, નિર્ગ્રંથને જ ચતુર કહ્યો. ૩૭

૧૬/૧ છે **અંધ** **કો?** અકાર્યકાર્યે રત સદા તે અંધ ખરે!
છે **બધિર** કો? આત્મહિતના વચનો નહિ જે સાંભળે. ૩૮

૧૭/૧ **મુંગો** કવણ? અવસર છતાં ન પ્રિય વચનો જે વદે;
શું **મરણ** છે? જે મૂર્ખતા, જીવતર મરણ સમાન તે. ૩૯

૧૭/૨ **અનર્ઘ્ય** શું? જે અવસરે આપેલ દાન તે અમૂલ્ય છે;
આમરણ **શલ્ય**? ગુપ્તપણે કરેલ કુકર્મ તે શલ્ય છે. ૪૦

૧૮/૧ ક્યા વિષયમાં **પુરુષાર્થને** કરવો કહો યોગ્ય ખરે?
વિદ્યાતણો અભ્યાસ ને ઔષધ દાન કરવું યોગ્ય છે. ૪૧

૧૮/૨ **અવધીરણા**—અવહેલના ક્યાં કરવી છે યોગ્ય બને?
દુષ્ટ પુરુષ, પરસ્ત્રી અને પરધન ઉપેક્ષા યોગ્ય છે. ૪૨

૧૯/૧ રાત-દિવસે કોનું કહો **ચિંતનને** કરવું જોઈતું?
ક્ષણભંગુર સંસારનું, પણ ના કદી સ્ત્રીઓતણું. ૪૩

૧૯/૨ કો પ્રિય જે **વિશેષ** કરવા સદાયે યોગ્ય છે?
કરુણા, ચતુરાઈ વળી મિત્ર, ન દુષ્ટતા ભણે. ૪૪

૨૦/૧ આવ્યા ગળે એવી સ્થિતિ પણ **આધિન** ના કોને થશે?
ના મુરખને, વિષાદીને, અભિમાનીને, કૃતઘ્નને. ૪૫

૨૧/૧ છે **પૂજ્ય કો**? સમ્યક્ છે ચારિત્ર તે પુરુષ પૂજ્ય છે;
**નિર્ધન** કો? જે ચલિત છે ચારિત્રથી, નિર્ધન તે. ૪૬

૨૧/૨ સંસારને કો પુરુષથી ખરેખર કહો **જીતેલ** છે?
સત્ય, સહનશીલ પુરુષ જે, સંસારને તે જીતશે. ૪૭

૨૨/૧ દેવો વડે પુરુષ કહો કો **અતિવંદનીય** છે બને?
પ્રધાન છે જે દયામહીં તે પુરુષ છે વંદનીય ખરે! ૪૮

૨૨/૨ જે પુરુષ બુદ્ધિમાન તેણે કોના થકી **ડરવું** પડે?
સંસાર અટવી ભયંકરે બુદ્ધિમાન છે ડરતો રહે. ૪૯

૨૩/૧ જીવમાત્ર તે કોને કહો સદાય છે **વશમાં** રહે?
સત્ય, પ્રિય વચનો વદે, વિનયવંતને સૌ વશ રહે. ૫૦

૨૩/૨ ક્યાં **સ્થિત** રહેવું જોઈએ? આ લોક ને પરલોકના—
સુખકાજ ન્યાય માર્ગમાં સ્થિત રહેવું જોઈએ. ૫૧

૨૪/૧ વિજળીતણાં ઝબકાર સમ ચપળ—**ચંચળ** શું છે કહો?
દુર્જન પુરુષનો સંગ ને સ્ત્રી વિલાસ ક્ષણિક ન રહો. ૫૨

૨૪/૨ કલિકાલ કુલાચલ સમા તે **અચલ** કોણ ગણાય છે?
સત્પુરુષો કલિકાલમાં કુલાચલ સમ અચલ ખરે! ૫૩

૨૫/૧ ખેદજનક વા **શોચ** શું? ના ભોગવે તે કૃપણતા;
વિભૂતિમાં **પ્રશંસવાને** શું યોગ્ય છે? ઉદારતા. ૫૪

૨૫/૨ ધનવાન ઓછા પણ કહો **પ્રશંસવા** શી વાત છે?
ઉદારતા જે પૂર્વે કહી તે પ્રશંસવાને યોગ્ય છે. ૫૫

૨૫/૩ **બળવાન** પુરુષ જે તેહમાં પ્રશંસનીય ગુણ શો કહે?
જે સહનશીલતા તેમની તે પ્રશંસવાને યોગ્ય છે. ૫૬

૨૬/૧ સંસારમાં ચિંતામણિ કઈ રત્નસમ્ **દુર્લભ** કહે?
જે ચાર ભદ્રો છે કહ્યા તે અતિ અતિ દુર્લભ ખરે! ૫૭

૨૭/૧ અજ્ઞાનરૂપ અંધકારનાશક જ્ઞાની **ભદ્ર** કોને કહે?
મીઠા વચન સહ દાન જે, ગર્વ રહિત જ્યાં જ્ઞાન છે. ૫૮

૨૭/૨ ક્ષમા સહિતનું શૌર્ય જ્યાં, દાન સહિતનું ધન જ્યાં દીસે;
એ ચાર છે જે ભદ્ર તે સંસારમાં દુર્લભ ખરે! ૫૯

૨૮/૧ એ રીત નિર્મળ પ્રશ્ન-ઉત્તર માળા રત્નની કંઠમાં ધરે;
તે આભરણથી રહિત પણ વિદ્વતસભા શોભા કરે. ૬૦

૨૯/૧ કરી જ્ઞાન હેયોપાદેય જેણે રાજ્યને છોડેલ છે;
મુનિ અમોઘવર્ષ વિવેકથી માલિકા સજ્જન કાજ રચે. ૬૧

## અપરા પ્રશ્નોત્તર રત્નમાલિકા

૧/૧ ભગવાન આ સંસારમાં **આરાધવા** શું યોગ્ય છે?
રત્નત્રયે પ્રકાશતું આત્મતત્ત્વ જે શુદ્ધ છે. ૧

૧/૨ જિનેન્દ્રનું સ્વરૂપ જે યથાર્થ વા પરમાર્થ છે;
સિદ્ધ ભગવંતો બધાં આરાધનાને યોગ્ય છે. ૨

૨/૧ નિર્દોષ **દેવો** કોણ છે? નિર્દોષ—દોષ રહિત જે;
તત્ત્વ સર્વ જ્ઞાતા દેવ જે, સાચા દેવ તે કહેવાય છે. ૩

૨/૨ **શાસ્ત્રો** ખરા ક્યા હોય છે? સર્વજ્ઞ કહેલા હોય જે;
સાચા **ગુરુ** કોને કહો? ના વિષયમાં પ્રવૃત્ત ને— ૪

૨/૩ આત્મ સ્વરૂપે સ્થિત છે, પરિગ્રહ રહિત હોય જે;
નિર્ગ્રંથ તે મુનિરાજને સાચા ગુરુ કહેલ છે. ૫

૩/૧ **દુર્લભ** શું કહેવાય છે? માનવ જનમ ગણાય છે;
માનવ જનમ પામીને જીવે **શું** **કરવું** જોઈએ? ૬

૩/૨ નિજ આત્મનું હિત સાધવું, અહિત સંગનો ત્યાગ કરી—
સદ્ગુરુના વચનોમહીં પ્રીતિ પરમને નિત રાખવી. ૭

૪/૧ શું **મોક્ષ** છે? સમસ્ત કર્મ નષ્ટ તે મોક્ષ ખરે!
**માર્ગ** ક્યો? દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકત્વ તે. ૮

૪/૨ જે મોક્ષ છે તેમાં કહો કે **સુખ** કેટલું હોય છે?
જે મોક્ષ છે તેમાં અહો! સુખ અનંતુ હોય છે. ૯

૫/૧ **હિંસાતણું** શું મૂળ છે? જે ક્રોધ તે છે મૂળ ખરે!
સ્વ-પર કહો કોણ **છેતરે**? માયા—કપટ છે છેતરે! ૧૦

૫/૨ ગુરુઓ તણા સત્કારને **ઉલ્લંઘન** હેતુ કોણ છે?
ખલ-માન તે ગુરુરાજનો તિરસ્કારને કરનાર છે. ૧૧

૬/૧ કારણ **અનર્થ**નું શું છે કહો? લોભ જ પાપનો બાપ છે?
**મંડન** તેનું શું કહો? નિર્લોભતા, શીલ પાલન કરે. ૧૨

૬/૨ **મહિમા** કહો શાની ખરી? વિદ્વતા વળી તત્ત્વજ્ઞાન જ્યાં;
**વિચારશીલતા** શી કહી? વ્રત આચરણે વિવેકતા. ૧૩

૭/૧ મનથી કદી શાનું કહો **ચિંતવનને** કરવું નહીં?
પરસ્ત્રીતણું, પરધનતણું, અપકાર પર ચિંતન નહીં. ૧૪

૭/૨ કેવા **વચન** ના બોલવા? હૃદયમહીં જે ઘા કરે;
પીડાકર વળી કડવા અતિ વચનો કદી ના બોલજે. ૧૫

૮/૧ શું **ત્યાગ** કરવા યોગ્ય છે? પૈશુન્ય—ચાડી, ચુંગલીયતા;
વ્યસવ વળી જે સાત છે, માત્સર્યને ત્યાગો સદા. ૧૬

૮/૨ **કરવા નહીં** શું યોગ્ય છે? પરલોકથી વિરુદ્ધ ને—
એ કાર્ય જે મનને સદા અનિષ્ટ જેવું લાગશે. ૧૭

૯/૧ શું **વીજ** સમ ચંચળ ખરે? લક્ષ્મી જ ચંચળ હોય છે;
કાવ્ય ઉત્તમ જેહવું અન્વય **સુંદર** શું છે કહો? ૧૮

૯/૨ જે જીવન છે નિષ્પાપ તે જીવન અનવદ્ય હોય છે;
નિષ્કલંક ને યશકીર્તિથી ભરપૂર જીવન અનવદ્ય કહે. ૧૯

૧૦/૧ **પ્રતિદિન** શું કરવું કહો? સામાયિકો, જિનપૂજના;
ગુરુરાજની ઉપાસના, ત્રિવિધ દાનો આપવા. ૨૦

૧૦/૨ શાસ્ત્રોતણો પ્રસન્નચિત્તે સ્વાધ્યાયને નિત રાખતા;
સઘળાય કાર્યો પ્રતિદિને કરવા સહુ યોગ્ય કહ્યા. ૨૧

**કુલ ગુજરાતી શ્લોકની સંખ્યા (૬૧+૨૧=૮૨)**

**કુલ વિભાવનાઓ : ૮૫**

## ‘કહાન મહિમા’ પ્રકાશન (ચૈતન્યપ્રિય રચિત પદ્ય રચનાઓ)ના પુષ્પોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | કહાન મહિમા | ૩૪ | ૧૯૬૫ |
| ૨. | જીવસૂત્ર | ૩૧૨ | ૨૦૦૧ |
| ૩. | સમકિતસૂત્ર | ૩૯૩ | ૨૦૦૧ |
| ૪. | પુણ્ય-પાપસૂત્ર | ૪૦૭ | ૨૦૦૨ |
| ૫. | કારકસૂત્ર | ૬૩૩ | ૨૦૦૨ |
| ૬. | દૃષ્ટિસૂત્ર | ૩૯૫ | ૨૦૦૨ |
| ૭. | માત મહિમા | ૩૨ | ૨૦૦૨ |
| ૮. | માર્ગસૂત્ર | ૨૫૫ | ૨૦૦૨ |
| ૯. | ઉપાદાનસૂત્ર | ૨૫૧ | ૨૦૦૩ |
| ૧૦. | ભાવનાસૂત્ર | ૧૮૦ | ૨૦૦૩ |
| ૧૧. | નયસૂત્ર | ૮૬ | ૨૦૦૩ |
| ૧૨. | જ્ઞાનસૂત્ર | ૯૬ | ૨૦૦૩ |
| ૧૩. | દેવસૂત્ર | ૪૫૭ | ૨૦૦૩ |
| ૧૪. | દ્રવ્યસૂત્ર | ૧૦૫ | ૨૦૦૩ |
| ૧૫. | પુરુષાર્થસૂત્ર | ૧૬૦ | ૨૦૦૩ |
| ૧૬. | પંચતત્ત્વસૂત્ર | ૧૯૪ | ૨૦૦૩ |
| ૧૭. | ચંપામૃત (હિન્દી) | ૧૧૯૯ | ૨૦૦૪ |
| ૧૮. | કહાનામૃત (હિન્દી) | ૧૦૭૦ | ૨૦૦૪ |
| ૧૯. | ચંપામૃત(ગુજરાતી) | ૧૧૯૯ | ૨૦૦૪ |
| ૨૦. | કહાનામૃત (ગુજરાતી) | ૧૧૭૦ | ૨૦૦૪ |
| ૨૧. | જૈન ભજન ભાગ-૧ | ૫૭ | ૨૦૦૫ |
| ૨૨. | ધન્યાવતાર દ્વિશતક | ૨૦૦ | ૨૦૦૬ |
| ૨૩. | દેવ-ગુરુ-શાસ્ત્ર અશાતના | ૧૪૮ | ૨૦૦૭ |
| ૨૪. | નવયુગ વિશેષાંક (૧) (૭૫ સમ્યક્ત્વ જયંતી વિશેષાંક) અમરેલી | ૮ | ૩-૨૦૦૭ |
| ૨૫. | નવયુગ વિશેષાંક (૨) (૧૧૮ જન્મજયંતી વિશેષાંક) અમરેલી | ૭ | ૪-૨૦૦૭ |
| ૨૬. | કહાન તત્ત્વસાર | ૩૯૦૦ | ૨૦૦૭ |
| ૨૭. | નવયુગ વિશેષાંક (૩) (૯૪મી જન્મ-જયંતી વિશેષાંક) અમરેલી | ૨૨ | ૮-૨૦૦૭ |
| ૨૮. | નવયુગ વિશેષાંક (૪) (દશલક્ષણ પર્વ વિશેષાંક) અમરેલી | ૮ | ૯-૨૦૦૭ |
| ૨૯. | મહાવીર | ૪૦૦ | ૨૦૦૭ |
| ૩૦. | નિયમસાર પદ્ય | ૧૭૬૦ | ૨૦૦૮ |
| ૩૧. થી ૩૪ | નવયુગ, નવસર્જન વિશેષાંક ૫ થી ૮ | | |
| ૩૫. | છ ઢાળા પદ્ય | ૫૬૦ | ૨૦૦૮ |
| ૩૬. | સમયસાર પદ્ય ભાગ-૧ | ૭૨૮ | ૮-૦૮ |
| ૩૭. | સમયસાર પદ્ય ભાગ-૨ | ૧૭૪૦ | ૧૧-૦૮ |
| ૩૮-૩૯-૪૦. | સફળ શિક્ષક ભાગ-૧-૨-૩ | | |
| ૪૧. | જૈન તત્ત્વ વર્ગીકરણ ભાગ-૧ | | ૨૦૦૯ |
| ૪૨. | સફળ શિક્ષક ભાગ-૪ | | ૨૦૧૦ |
| ૪૩. | નવસર્જન વિશેષાંક (૯૭મી જન્મજયંતી) | | |
| ૪૪. | બાહુબલી શતક (૧૦૦ શ્લોક) | | ૨૦૧૦ |
| ૪૫. | સફળ શિક્ષક ભાગ-૫ | | ૨૦૧૦ |
| ૪૬. | સફળ શિક્ષક ભાગ-૬ | | ૨૦૧૧ |
| ૪૭. | રત્નમાલા પદ્ય | | ૨૦૧૧ |

* VCD/DVD/MP3 (૬૨ ભજનો)
* ઑડિયો કેસેટ્સ (૬૨ ભજનો)
* ઑડિયો કેસેટ્સ--ચંપામૃત, કહાનામૃત

## શૈક્ષણિક કાર્યક્રમોની ઝલક

* ૧૧૬ શૈક્ષણિક લેખો, ધબકાર, સુરત * ૨૦૦૦ ચિત્રોનું પ્રદર્શન * ૨૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનો * ૫૦૦ શાળા કોલેજો માટે ફન પ્રોગ્રામ્સ * ૧૦ શૈક્ષણિક વર્કશોપ આયોજન * ૧૦૦૦ જૈન તત્ત્વજ્ઞાનની ટ્રાન્સપરન્સી * ૧૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનોની ટ્રાન્સપરન્સી * ૨૫ હેલ્થકેર આલ્બમ (સંકલન) * ૪૦ જેટલા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સેમિનાર * ૫ શૈક્ષણિક રાષ્ટ્રીય સેમિનાર પેપર્સ * ૩૧ વર્ષ બી.એડ. કોલેજ (વ્યાખ્યાતા, પ્રિન્સીપાલ) * ૫ વર્ષ માધ્યમિક શાળા (આચાર્ય) * ૨૫ શિક્ષણ/મનોવૈજ્ઞાનિક સાહિત્યના આલ્બમ * ૨૦ મનોવૈજ્ઞાનિક કસોટીઓનું પરીક્ષણ મૂલ્યાંકન * ૫૦૦૦ ગણિત કોયડાઓનું સંકલન * ૨૦૦ વિજ્ઞાનનાં મનોરંજક પ્રયોગો * ૨૦ મનોવિજ્ઞાનનાં પ્રયોગો * સેંકડો વર્તમાન-પત્રનાં સમાચારોનું આલ્બમ * ૧૫૦ સંમોહનનાં પ્રયોગો * શાળા/કોલેજોમાં સેંકડો વ્યાખ્યાનોનું આયોજન * ૧૨,૦૦૦ શ્લોક /૧૦૦ ભજનો.(જૈન)

ભાવી પ્રકાશનો : * જૈન પારિભાષિક કોષ * કહાન સૂત્ર * જંબૂદ્વીપ દર્શન * ત્રિલોકદર્શન, * સમયસાર પદ્ય ભાગ-૩ * કેટલાંક જૈન મૂળ શાસ્ત્રોના પદ્યાનુબંધ